

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

કૂવા ખોદવા જમીન શોધો! આગ લાગી છે!
ને બાંધો રસ્તા લડવા માટે સેના જાગી છે!
ઘાંઘી થઈ છે સરકાર મિગ-ખરીદવા-
ચૂંટણી પ્રચારમાંથી 'થોડી' રજા માગી છે!

### હાઈકુ

બોલાવી ફરી-
ઝૂલાવવા ચીનાને
હિંડોળા શરૂ..

પારદર્શી ને
જાગૃત તંત્રની આ-
પૂર્વ તૈયારી!!

### ચિંતન

દુર્જનને સમં સખ્યં પ્રીતિં ચાપિ ન કારયેત ।
ઉષ્ણો દહતિ ચાંગાર: શિત: કૃષ્ણાયતે કરમ્ ॥

ઉપરોક્ત શ્લોક સુભાષિત સંસ્કૃત પદાવલિમાંથી લેવામાં આવેલ છે. સજ્જન મનુષ્યનો સંગ જીવનને ઉર્ધ્વગતિ તરફ લઈ જતો હોય છે. જ્યારે દુર્જન મનુષ્યનો સંઘ અધોગતિનું કારણ બનતો હોય છે. આથી અહીં કહેવામાં આવ્યું છે કે દુર્જન મનુષ્યની સાથે ક્યારેય મૈત્રી કે પ્રેમસંબંધ રાખવો નહીં તેનું ઉદાહરણ અંગાર-કોલસો છે તે જ્યારે સળગતો હોય ત્યારે હાથ દઝાડે છે અને જ્યારે ઠંડો હોય ત્યારે હાથને કાળા કરે છે.

દુર્જન તેના દુષ્ટ સ્વભાવ અને કુટિલ વૃત્તિઓને ક્યારેય ત્યજી શકતો નથી. જેમ લસણને સુગંધીદાર બનાવવા માટે ગમે તેટલા રસાયણો વાપરવામાં આવે છતાં તેને સુગંધીદાર બનાવી શકાતું નથી એમ દુર્જનથી હંમેશા દૂર રહીને તેને નવ ગજના નમસ્કાર કરવામાં જ આપણું કલ્યાણ રહેલું છે.

### સુવિચાર

- તમારામાં ખરાબ થવાની હિંમત ન હોય તો માત્ર સારા કહેવડાવું એ ગુણ નથી - **ફ્રેન્ચ કહેવત**
- મરદના દીકરા થઈએ, નમાલાના બાપ પણ ન રહીએ - **કચ્છી કહેવત**
- સત્યકુટિલ નથી, સાભની જીભની જેમ બે અણીદાર હિસ્સાઓમાં ફંટાયેલી હોય છે, એમ સત્યની બે જીભો હોતી નથી - **ચંદ્રકાન્ત બક્ષી**
- પાણી ભરેલું હોય તો જ ઘડાની કિંમત છે, પાણી વિના ઘડાની કિંમત નથી - **ગુરુ નાનક**
- તમારી વાત સરળ છે, મારા માલિક, પણ એ લોકો સરળ નથી, જે તમારી વાત કરી રહ્યા છે - **રવીન્દ્રનાથ ટાગોર**
- દરેક ગુલાબનો સૌથી નિકટનો મિત્ર હોય છે કાંટો! - **અખંડ આનંદ**
- આજનું ઔષધ : વાસં કપૂરના કવાથમાં હિંગ ઘસીને પીવાથી વાળાનું દર્દ શાંત થાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

### બોધકથા

બ્રિટનના સ્કોટલેંડમાં ફલેમિંગ નામનો એક ગરીબ ખેડૂત પોતાના ખેતરમાં કામ કરતો હતો. અચાનક કોઈ બાળક 'બચાવો, બચાવો'ની ભૂમ પાડી રહ્યું હતું. ફલેમિંગે જાન જોખમમાં નાખી પેલા બાળકને કાદવમાં ડૂબી જતું બચાવ્યું થોડા દિવસ બાદ પેલા બાળકને લઈને તેના પિતા ફલેમિંગને મળવા આવ્યા. એમણે ફલેમિંગનો આભાર માની મોટી રકમ આપવાની ઈચ્છા જણાવી. ફલેમિંગે પેલા સજ્જનનો પ્રસ્તાવ ઠુકરાવી દીધો. ગરીબ ખેડૂતની ખુદારી અને સ્વાભિમાન જોઈ પેલા સજ્જને ફેલમિંગના પુત્રને ઉદેશીન કહ્યું, 'તમે ભલે પાઉન્ડ ન લો પણ હું તમારા આ દિકરાની આજીવન ભણતરની જવાબદારી લેવા તૈયાર છું, વળી મારો પુત્ર જે કિંગ્સ સ્કુલમાં ભણે છે જે ઈંગ્લેન્ડની સર્વશ્રેષ્ઠ સ્કુલમાં હું તમારા દિકરાને ભણાવું. એક દિવસ આપનો પુત્ર એવો મહાન વ્યકિત બનશે કે જેના માટે આપણે બંને ગર્વ કરીશું.' ગરીબ ખેડૂતે વિચાર્યું કે આમતો હું મારા દિકરાને ઉચ્ચ શિક્ષણ આપી શકું તે સ્થિતિમાં નથી. છેવટે પુત્રના ભવિષ્ય માટે ફેલમિંગ પેલા સજ્જનની વાત માનવા તૈયાર થયો.

ફલેમિંગના પુત્રને સર્વશ્રેષ્ઠ સ્કુલમાં ભણવાનો ઉત્તમ મોકો મળ્યો. આગળ વધીને તેણે લંડનની પ્રતિષ્ઠિત સેંટ મેરીઝ મેડિકલ સ્કૂલમાંથી સ્નાતક થઈ ડૉકટર બન્યો. એનાથી આગળ ગરીબ ખેડૂતનો પુત્ર આખી દુનિયામાં પેનિસિલિનનો સંશોધક મહાન વૈજ્ઞાનિક 'સર એલેકઝાંડર ફલેમિંગ'ના નામે પ્રખ્યાત થયો.

# શાકાહાર જ શ્રેષ્ઠ વિકલ્પ

**તંત્રીસ્થાનેથી...**

ઉત્તરભારત સહિત દેશના ઘણા વિસ્તારોમાં વિક્રમ સંવતનો માસ પૂર્ણિમાના દિવસે પૂરો થાય છે એ દૃષ્ટિએ ત્યાં અત્યારે શ્રાવણ મહિનો ચાલી રહ્યો છે. આપણાં શાસ્ત્રોમાં શ્રાવણ માસ શિવ અને શ્રીકૃષ્ણને જોડતો પવિત્ર માસ છે. આખા માસ દરમિયાન ઘણા ફળાહાર કરી ઉપવાસ કરે છે અથવા એક જ વાર જમે છે. વળી બાકીના દિવસોમાં માંસાહાર કરનારા પણ શ્રાવણમાં અને પિતૃપક્ષ (શ્રાધ્ધના દિવસો) દરમિયાન માંસાહાર ટાળે છે. જૈન ધર્મમાં માંસાહારનો સંપૂર્ણ નિષેધ છે. એ દૃષ્ટિએ જોતાં જૈન ધર્મ પર્યાવરણલક્ષી સભાનતા ધરાવતી જીવનશૈલીને અનુસરે છે. સંપૂર્ણ અહિંસા શકય ન હોય અને જીવ જીવના આધારે જીવતો હોય, મોટો જીવ નાના જીવને ખાઈને જીવતો હોય તો પણ કયારેક તો સુસંસ્કૃત માનવીએ એ માત્ર પ્રકૃતિની વ્યવસ્થા છે, એમ માની, 'સંસ્કૃતિ'માં જીવહિંસાને સ્થાન ન હોવું જોઈએ એવું સ્વીકારવું પડશે. પ્રકૃતિ પોતે જ માનવીને અહિંસક સંસ્કૃતિ તરફ વાળવા પ્રયત્નશીલ હોય એવું નથી લાગતું? છેલ્લા સૈકા દરમિયાન જેટલા મોટા અને વ્યાપક રોગચાળા ફાટી નીકળ્યા છે એ બધાનું ગોત્ર માંસાહારમાં મળે છે, આવા જીવલેણ રોગચાળાનો ભોગ લાખો-કરોડોની સંખ્યામાં બન્યા પછી પણ માનવી માંસાહાર છોડી શકયો નથી અને કદાચ એની આ ચટૂડી જીભ જ એનો સર્વનાશ નોતરશે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ આ મુદ્દે ગાઈવગાડીને સ્પષ્ટતા કરી છે કે માનવજાતને મહામારીઓના સતત મારથી બચવું હશે તો માંસાહાર છોડી શાકાહાર તરફ વળવું પડશે. અગાઉની સાર્સ, ઈબોલા વગેરે મહામારીઓ પણ પ્રાણીઓ મારફત માનવજાતમાં પ્રવેશી છે. અત્યારે જેણે આખી દુનિયાને ભરડો લીધો છે અને ભલભલા મહારથીઓને ઘૂંટણિયે પાડી દીધા છે તે કોરોના-કોવિડ-૧૯નું ગોત્ર પણ સંભવત: ચામાડીડિયું અને પેંગોલીન (કીડીખાઉ) છે. માનવીની ભૂખને કોઈ લક્ષ્મણરેખા નડતી જ નથી. એ કીડામકોડા, સાપ અને કીડીખાઉ જેવાં પ્રાણીઓથી લઈ સિંહ, વાઘ જેવાં હિંસક પશુઓનો સંહાર કરતો રહ્યો છે અને એમાં એને અન્ય જીવો કરતાં પોતે વધુ બુદ્ધિમાન હોવાથી સફળતા પણ સાંપડતી રહી છે. અનેક પ્રજાતિઓ નામશેષ થઈ ચુકી છે. આ રાક્ષસી સંહારલીલાની સામે પછી એને એ જ નિર્દોષ અને નિર્બળ જીવોના શરીરમાં ઊછરતા સૂક્ષ્મ જીવો અથવા જીવાણુઓનો ભોગ બનવું પડયું છે. યુનાઈટેડ નેશન્સની આરોગ્ય સંસ્થા ચેતવણી આપે તો પણ કાળા માથાનો માનવી એને ઘોળીને પી જવાનો છે. એણે પેઢીઓની પેઢીઓથી, છેક પાષાણયુગના પૂર્વજ આદિમાનવના સમયથી જે આહારશૈલી અપનાવી છે એમાં માંસાહાર તો અગ્રસ્થાને રહ્યો છે. આદિમાનવ શિકાર કરીને પ્રાણીઓનું કાચું માંસ ખાતો. એ પછી એ રાંધણકળા શીખ્યો. એમાંથી વિકસી આપણી અદ્યતન ભોજન પધ્ધતિ. પરંતુ વિજ્ઞાન સતત સંશોધન કરતું રહ્યું છે અને માનવી માટે શાકાહાર જ શ્રેષ્ઠ છે, એનું પ્રતિપાદન કરતું રહ્યું છે. ત્યાં સુધી કે દૂધ પણ પ્રાણીજન્ય ખોરાક હોઈ માણસ માટે વર્જ્ય લેખાયું છે. જે તે પ્રાણીનું દૂધ એના બચ્ચા માટેની કુદરતી વ્યવસ્થા છે અને તે એની શિશુકાલ પૂરતી જરૂરિયાત છે. આથી વૈજ્ઞાનિકો અને આહારશાસ્ત્રીઓ 'વેજિટેરિયન'થી આગળ વધી 'વેગન' દૂધ સુધ્ધાં નહીં વાળી આહારપધ્ધતિનું સમર્થન કરતા થયા છે. માનવીની હોજરી, આંતરડા અને લિવર માટે માંસાહાર સુપાચ્ય આહાર નથી જ, બલકે દૂધ પણ લાંબે ગાળે એની ધમનીઓને બ્લોક કરતા પ્લેક પેદા કરી શકે છે. તદ્દન કુદરતી સ્વરૂપમાં, રાંધ્યા વગરના શાકાહારનો વૈજ્ઞાનિક ઢબે પ્રચાર થઈ રહ્યો છે જે માનવીને લગભગ તમામ રોગોથી મુકત રાખી શકે છે અને એની પ્રતિકારશકિત તથા જીવનશકિતને વધુ પ્રબળ બનાવે છે. મગજનો સદુપયોગ કરવા કરતાં માનવીએ સવિશેષ દુરુપયોગ જ કર્યે રાખ્યો છે એનું સૌથી મોટું પ્રમાણ (પુરાવો) એણે શોધી કાઢેલો અણુબોમ્બ છે. એ અણુબોમ્બ કરતાં પણ વધુ વિનાશકારી જીવાણુ બોમ્બ કુદરત પાસે પણ છે અને બની શકે કે કાળા માથાનો માનવી કુદરત પાસેથી એ છીનવી લઈ પોતાની લેબોરેટરીમાં એને વધુ સંહારક શકિતવાળો બનાવી માનવીના સર્વનાશનું નિમિત્ત બને!

# ગુરુ, દેવ, અવધૂત અને પરિવ્રાજક



**અમર વારસો**

ડૉ. રશ્મિકાન્ત મહેતા

એ 'ગુરુ' હતા, - જાણે કે 'ગુરુ' શબ્દનો પર્યાય! આબુ અને ગિરનારનાં શિખર ઉપર ફર્યા - તો એ ગુરુ શિખર તરીકે જાણીતા થયા, એ 'દેવ' હતા. ત્રણેય દેવો - બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ - એમણે એમનામાં એ રૂપે મૂક્યા. એ મહર્ષિ અત્રિના પુત્ર હતા. આ દત્તાત્રેય માટે એમજ બોલાય - 'ગુરુદેવ દત્ત' એ અવધૂત હતા. ખરા અર્થમાં સન્યાસી. વિષય વાસના સ્પર્શે જ નહિ. એ પરિવ્રાજક હતા. સમજણા થયા ત્યારથી સતત ફર્યા જ કરે. જ્ઞાન અને તેની સાથેની સમજણ એને આમાંથી મળ્યા. એણે આ માટે આ ચોવીસ ગુરુઓનો સ્વીકાર કર્યો. એમનો આભાર માન્યો :-

(૧) પર્વત - પર્વત અવિચળ છે, સ્થિર છે. કોઈપણ સંજોગોમાં મનની સ્થિરતા જાળવી રાખવી. વિચલિત ન થવા દેવી.

(૨) પવન - સતત વહ્યા જ કરે. નિંદા કે પ્રશંસા સાંભળવા ન રોકાય, પોતાની ફરજો બજાવ્યા કરવી. કોણ શું બોલે છે, તેની પરવા ન કરવી.

(૩) આકાશ-અનંત છે, સર્વ વ્યાપી છે. ઈશ્વર સર્વ વ્યાપી છે, સૌ કોઈ જીવોમં રહેલો છે. સૌ માટે સમભાવ રાખવો.

(૪) પાણી - પોતે નિર્મળ રહે છે અને બીજાની તરસ છીપાવે છે. જ્ઞાની પુરુષે ચિત્તને નિર્મળ રાખવુ, બીજાને ઉપદેશ આપીને સન્માર્ગે દોરવા.

(૫) અગ્નિ - પોતાની પાસે જે કાંઈ આવે છે, એની માયામાં ફસાતો નથી. સ્વાહા કરી નાખે છે, વૃત્તિ અપરિગ્રહની રાખવી. આશક્તિ રાખીને સંગ્રહ ન કરવો.

(૬) ચન્દ્ર - એની કળામાં વધઘટ થાય, પરંતુ મૂળ સ્વરૂપ જળવાઈ રહે. પોતાની પ્રકૃતિ શાંત અને સૌમ્ય રાખવી.

(૭) સૂર્ય - જળને શોષી લે છે, પરંતુ અનેક ગણું વરસાદ રૂપે પાછુ આપે છે. ધન પ્રાપ્ત થાય, તો અનેક ગણુ કરીને સમાજને પાછુ આપવાનુ છે.

(૮) હોલો - જાળમાં ફસાય નહિ મોહમાયા જાળ છે, એમાં ફસાવાનુ નથી.

(૯) અજગર - ભૂખ લાગે ત્યારે ખોરાકની શોધમાં ભટકે નહિ. સન્યાસીએ પેટ ભરવા ઘરે ઘરે ભટકવું નહિ.

(૧૦) હાથી - ખાડામાં કાગળની કૃત્રિમ હાથણી જોઈને, એમાં પડે છે. જ્ઞાની પુરુષે સ્ત્રી માટે આવી આસક્તિ રાખવી નહિ.

(૧૧) મધમાખી - બધે ફરી ફરીને, મધપૂડામાં ભેગું કરે છે પરંતુ મધ ઉતારનારો પુરુષ એને ઉડાડી મૂકે છે, અને મધ એકઠું કરી લે છે. ધન સંપત્તિનું આવું છે, ક્યારે જતી રહે, એ ન કહેવાય. એનું અભિમાન ક્યારેય ન રાખવું.

(૧૨) પતંગિયું - તેજમાં સપડાઈ જાય છે અને જાતને હોમી દે છે. મોહ માયામાં સપડાવું નહિ. જાત ખુવાર થઈ જાય.

આ ઉપરાંત બીજા બાર ગુરુઓ છે - સમુદ્ર, મધ પાડનારો બાળક, હરણ, માછલી, વેસ્યા, પિંગળા, સમડી, કન્યા, શિકારી, સાપ, કરોડિયો અને ભમરી.

એક સરસ કાવ્યપંક્તિ છે - ફૂલો સે નીત હંસના સીખો, ભૌંરો સે નીત ગાના.

દત્તાત્રેય તો ગુરુ છે, દેવ છે, અવધૂત છે, પરિવ્રાજક છે.

ગુરુપૂર્ણિમા નિમિત્તો એમનો શ્રદ્ધાપૂર્વકના પ્રણામ. સાથે એમના ઉપદેશ જીવનમાં ઉતરે, એવો સંકલ્પ જરૂરી છે.

# બંગાળી કૃતિઓનો ગુજરાતીમાં અનુવાદ કરવા માટે કયા સાહિત્યકાર જાણીતા છે?



**ખજાનો**

અનિલ પટેલ

## ગુજરાતી સાહિત્ય

૧ ગુજરાતી આખ્યાનના પિતા તરીકે કોણ ઓળખાય છે ?
(અ) પ્રેમાનંદ (બ) ભાલણ
(ક) અખો (ડ) સંત સુરદાસ

૨ 'ટીહો અને વાલજી' એ કઈ પ્રસિધ્ધ કૃતિના પાત્રો છે ?
(અ) આંગળીયાત (બ) ખેતરને ખોળે
(ક) બૃહત પીંગળ (ડ) અમૃતા

૩ 'સીધાં ચઢાણ' એ કયા સાહિત્યકારની આત્મકથા છે ?
(અ) રામનારાયણ વી. પાઠક (બ) નર્મદ
(ક) ગોવર્ધનરામ ત્રિપાઠી (ડ) ક.મા.મુનશી

૪ અનંતરાય રાવળનું નામ કયા ક્ષેત્ર માટે જાણીતું છે ?
(અ) સંપાદન (બ) વિવેચન
(ક) પ્રકાશક (ડ) નાટય લેખન

૫ ગુજરાતી ભાષામાં ઈલા કાવ્યોના રચિયતા કોણ છે ?
(અ) ચંદ્રવદન સી. મહેતા (બ) આનંદશંકર ધ્રુવ
(ક) રાજેન્દ્ર શાહ (ડ) દલપત રામ

૬ કયો સાહિત્યકાર 'હસતો ફિલસુફ' તરીકે ઓળખાય છે?
(અ) બકુલ ત્રિપાઠી (બ) જયોતિન્દ્ર દવે
(ક) અખો (ડ) વિનોદ ભટ્ટ

૭ 'ખેતરને ખોળે' નવલકથાના લેખક કોણ છે?
(અ) પન્નાલાલ પટેલ (બ) પીતાંબર પટેલ
(ક) રાવજી પટેલ (ડ) મોહનલાલ પટેલ

૮ 'જયા-જયંત' નાટકના લેખક કોણ છે?
(અ) ઈશ્વર પેટલીકર (બ) ન્હાનાલાલ
(ક) ચુનીલાલ મડિયા (ડ) વર્ષા અડાલજા

૯ 'ભીમો અને ચંદા' કઈ નવલકથાના પાત્રો છે ?
(અ) જન્મટીપ (બ) પંખીનો માળો
(ક) લોહીની સગાઈ (ડ) માનવીની ભવાઈ

૧૦ 'તૃણનો ઉપગ્રહ' કાવ્યસંગ્રહના કવિ કોણ છે ?
(અ) કરશનદાસ માણેક (બ) બ.ક. ઠાકોર
(ક) દલપતરામ (ડ) નટવરલાલ પંડયા 'ઉશનસ'

૧૧ બંગાળી કૃતિઓનો ગુજરાતીમાં અનુવાદ કરવા માટે કયા સાહિત્યકાર જાણીતા છે ?
(અ) નગીનદાસ પારેખ (બ) જયંતિ દલાલ
(ક) ફાદર વાલેસ (ડ) મકરંદ દવે

૧૨ 'આલો ખાચર' પાત્રના સર્જક કોણ છે ?
(અ) કુંદનિકા કાપડિયા (બ) વર્ષા અડાલજા
(ક) રમેશ પારેખ (ડ) ચુનીલાલ મડિયા

૧૩ નીચેનામાંથી કયા સાહિત્યકાર 'વિવેચન' માટે જાણીતા છે ?
(અ) વેણીભાઈ પુરોહિત (બ) વિષ્ણુપ્રસાદ ત્રિવેદી
(ક) બટુકભાઈ ઉમરવાડિયા (ડ) જયંતિ દલાલ

૧૪ કયા સાહિત્યકારે બારડોલીમાં સત્યાગ્રહમાં સરદાર પટેલના મંત્રી તરીકે કામ કર્યું હતું?
(અ) નારાયણભાઈ દેસાઈ (બ) મનુભાઈ પંચોળી
(ક) સ્વામી આનંદ (ડ) કૃષ્ણલાલ શ્રીધરાણી

૧૫ 'પીળું ગુલાબ અને હું' નો સાહિત્ય પ્રકાર કયો છે?
(અ) નવલિકા (બ) નવલકથા
(ક) આત્મકથા (ડ) નાટક

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૧૦ જુલાઈ :**
  - જાણીતા અર્થશાસ્ત્રી અને બ્રિટનની લેબર પાર્ટીના નેતા એવો લોર્ડ મેઘનાદ દેસાઈનો જન્મદિવસ (૧૯૪૦)
  - ભારતીય સૈનિકોએ બ્રિટીશ ઈસ્ટ ઈન્ડિયા કંપની વિરુધ્ધ વેલ્લુરમાં પ્રથમ વિદ્રોહ કર્યો (૧૮૦૬)
  - જાપાનના તોયાટીકો કાગાવાની જન્મજયંતી (૧૮૮૮)
  - મોહમદ અલી જિન્હા પાકિસ્તાનના પ્રથમ ગવર્નર જનરલ તરીકે નિમાયા (૧૯૪૭)
- **૧૧ જુલાઈ : વિશ્વ વસ્તી દિન**
  - મુંબઈ ટ્રેનમાં બ્લાસ્ટ થયો જેમાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા (૨૦૦૬)
  - અમેરીકન 'સ્પેશ લેબ' ભારતના દરીયામાં ખાબકી (૧૯૭૯)
  - સાહિત્યકાર અને 'ઈસ્ટ એન્ડ વેસ્ટ' માલિકના પૂર્વ તંત્રી એવા બહેરામજી મલબારીનો જન્મદિવસ (૧૮૧૩)
- **૧૨ જુલાઈ :**
  - નાની વયે શાંતિનું નોબેલ પારિતોષિક વિજેતા મલાયાનો જન્મદિવસ (૧૯૯૭)
  - કલર ફોટોગ્રાફી ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન આપનાર જયોર્જ ઈસ્ટમેનનો જન્મ દિવસ (૧૮૫૪)
  - નેધરલેન્ડનું વિમાન મુંબઈ પાસે દુર્ઘટના ગ્રસ્ત થયું જેમાં ૪૫ લોકોના મોત થયા(૧૯૪૯)
  - અમેરીકાના બકમિન્સ્ટર ફુલરની જન્મજયંતી(૧૮૯૫)
- **૧૩ જુલાઈ :**
  - શ્રેષ્ઠ કક્ષાના ચિત્રકાર શિવ પંડયાનું નિધન (૧૯૭૮)
  - મુંબઈમાં બોમ્બ બ્લાસ્ટ થયા (૨૦૦૧)
  - ઈંગ્લેન્ડના લોડસમાં ભારતીય ટીમ પહેલી વખત વન ડે રમી હતી(૧૯૭૪)
  - વ્યાયામવીર છોટુભાઈ પુરાણીનો જન્મદિવસ (૧૮૮૫)
- **૧૪ જુલાઈ :**
  - મિસ યુનિવર્સ મધુ સપ્રેનો જન્મદિવસ (૧૯૭૧)
  - અમેરીકાના શિકાગોમાં લાગેલી આગ દુર્ઘટના(૧૮૭૪)
  - નીતા રામૈયાની જન્મજયંતી (૧૯૪૧)
  - સાહિત્યકાર ડૉ. આઈ.કે. વીજળીવાળાનો જન્મદિવસ (૧૯૬૦)
- **૧૫ જુલાઈ :**
  - નરસિંહરાવ સરકારે બહુમતી ન હોવા છતાં ૨૫ દિવસ બાદ વિશ્વાસ મત જીત્યો (૧૯૯૧)
  - જવાહરલાલ નહેરૂને 'ભારત રત્ન' ખિતાબ અપાયો(૧૯૫૫)
  - પદમવિભૂષણ સન્માનિત દુર્ગાબાઈ દેશમુખનો જન્મદિવસ (૧૯૦૯)
  - માઈક્રો બ્લોગિંગ સોશિયલ નેટવર્ક પ્લેટફોર્મ 'ટવીટર'નું ફુલ વર્ઝન લોન્ચ થયું (૨૦૦૬)
- **૧૬ જુલાઈ :**
  - જાણીતા સાહિત્યકાર દિલીપ રાણપુરાનું નિધન(૨૦૦૩)
  - હોકી ખેલાડી ધનરાજનો જન્મદિવસ (૧૯૬૮)
  - ભારતીય મૂળની બ્રિટીશ બ્યુટી કેટરીના કૈફનો જન્મદિવસ (૧૯૮૩)
  - ભારતીય સ્વતંત્રતા સેનાની અરૂણા અસરફઅલીનો જન્મદિવસ (૧૯૦૯)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

તાજેતરમાં ગુજરાતમાંથી કયા ચાર મહાનુભાવો રાજયસભાના સદસ્ય તરીકે ચુંટાયા?
જવાબ : (૧) નરહરિ અમીન (૨) રમીલાબેન બારી (૩) અજય ભારદ્વાજ (૪) શકિતસિંહ ગોહિલ

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૩) હાર્દિક ભટ્ટ સે-૨૪ (૪) મહેશ જાદવ : ગુ.વિદ્યાપીઠ (૫) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

વિશ્વ આરોગ્ય સંસ્થાના (WHO) ડાયરેકટર જનરલ કોણ છે?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

# તમારા બાળકને પ્રમાણિક બનાવવા શું કરશો ?



**રંગ-ઉમંગ**

કાનન ઓઝા

વ્યક્તિને જીવવા માટે હવા, પાણી અને ખોરાકની જરૂર પડે છે, પણ સામાજિક પ્રાણી તરીકે વ્યક્તિને મુલવીએ તો દરેક વ્યક્તિ સમાજમાં રહીને ચોક્કસ મોભો મેળવવા ઈચ્છે છે. આ મોભો જ વ્યક્તિને આંતરિક અને બાહ્ય આનંદ આપી શકે છે. આવો મોભો ક્યારે મળે? કેટલાક વ્યક્તિ આવો મોભો કે સ્ટેટશ મેળવવા માટે પૈસા ભેગા કરે છે તો કોઈ વ્યક્તિ પ્રતિષ્ઠા એકઠી કરે છે. પણ આ બંનેમાંથી સાચો રસ્તો કયો? આજે પણ ઘણાં વ્યક્તિ એવું માને છે કે, પૈસો હોય તો બધું જ આવે, પ્રતિષ્ઠાને શું કરવાની? ત્યારે જવાબ છે કે, પૈસો હોય એટલે પ્રતિષ્ઠા આવે જ એવું માનવાની જરૂર નથી, મોટાભાગે પૈસાના કારણે જ પ્રતિષ્ઠા જતી હોય છે. આમછતાં આજના સમયની ભારતીય ઉપખંડની વાત કરીએ તો દુઃખ સાથે કહેવું પડશે કે, ભારતમાં મોટાભાગે જ્યાં પ્રતિષ્ઠા છે ત્યાં પૈસો નથી અને જ્યાં પૈસો છે ત્યાં પ્રતિષ્ઠા નથી. જેથી ઘણાં માણસો પૈસાની પાછળ દોડ મૂકીને તેને જ ભગવાન અને સર્વસ્વ માનીને જીવવાનું પસંદ કરે છે. મોટાભાગના લોકોની માન્યતા તો એ જ છે કે, પૈસો હશે તો લોકો બોલાવશે, પૈસો હશે તો પ્રતિષ્ઠા સ્થપાશે જ, પૈસો જ બધી બાબતોને ખેંચી લાવશે. ત્યારે એવા લોકોની સામે દલીલ છે કે, ભૂતકાળને યાદ કરો. તમે ગાંધીજી, વલ્લભભાઈ પટેલ, અબ્રાહમ લિંકન, રાજા હરિશચંદ્ર, મધર ટેરેસા વગેરેને ઓળખો છો, ભલે તેઓ આજે આ દુનિયામાં નથી અને તેમને તમે જોયા પણ નથી, તેમના વિશે ઘણું જાણો પણ છો. અહીં એક પ્રશ્ન કરું કે, તમે આ લોકોને શા કારણથી ઓળખો છો? તે લોકો પાસે પૈસા હતા? હજુ તમે યાદ કરશો તો આવા બે-ત્રણ નહીં પણ અનેક નામ તમારી સામે આવશે. હવે એવા નામ યાદ કરો જે આજે દુનિયામાં નથી, પણ ખૂબ જ પૈસાદાર હતા. કેટલા નામ તમે યાદ કરશો? કદાચ એકપણ નહીં? આવું કેમ? લોકો કોને યાદ કરે છે અને કોને યાદ રાખે છે? પૈસાદાર ને કે પ્રતિષ્ઠાને? શું મોટું કે મહાન? શું કમાવું જોઈએ? પૈસા કે પ્રતિષ્ઠા? પણ આ પ્રતિષ્ઠા પૈસાથી નહીં આવે, પ્રમાણિકતા હશે તો સો ટકા આવશે. માટે જ તમારા બાળકને પૈસાદાર બનાવવા કરતાં પ્રામાણિકતાવાન બનાવવાના પ્રયત્ન કરવા જોઈએ. તો બાળકને પ્રામાણિક બનાવવા વાલી તરીકે તમે શું કરી શકો? તે માટેના કેટલાક વર્તન વ્યવહાર કે ક્રિયાઓ કે પ્રવૃત્તિઓ અહીં રજૂ કરું છું.

બાળકની સામે હંમેશા પ્રામાણિક બનીને જ વર્તન કરો. બાળકની હાજરીમાં કયારેય અપ્રામાણિકતાભર્યું વર્તન ન કરો કે વચન ન બોલો. - પોતાના બાળકને પ્રામાણિકતા વિકસાવી શકે તેવા પુસ્તક અને સામાયિકોનું વાંચન કરાવવું - ઘરમાં સમૂહ પ્રાર્થના કે ચર્ચા કરાવવા - બાળકો સાથે દરરોજ ઓછામાં ઓછો અડધો કલાક ફાળવવો અને વિવિધ ચર્ચાઓ કરવી - બાળકને પહેલાં પ્રોત્સાહન આપો, પછી શીખામણ આપો - વાલીએ પોતે બાળક માટે આદર્શ બનવું - કોઈ અયોગ્ય ઘટનાની ચર્ચા બાળકની હાજરીમાં ન કરવી - બાળક કોઈ પ્રામાણિકતાભર્યુ વર્તન કરે તો તેને બિરદાવવો અને તેની વાત પડોશમાં પણ કરવી - સગાં કે પરિચિત વ્યક્તિએ પ્રામાણિકતા દાખવી હોય તો તેની ચર્ચા ઘરમાં બાળકો સાથે અવશ્યપણે કરવી જ - પ્રેરણા આપી શકે તેવા કાર્યક્રમમાં બાળક સાથે જવું અથવા તો બાળકને મોકલવો - પ્રેરણા આપી શકે તેવી સંસ્થાની અવારનવાર મુલાકાત લેવી - પડોશમાં કે પરિચિત કોઈ બાળકે પ્રામાણિકતાનું ઉદાહરણ પુરુ પાડ્યું હોય તો તેને પોતાના બાળકની હાજરીમાં બિરદાવવા - સમાજમાં પ્રામાણિકતાનું ઉદાહરણ પુરુ પાડનારની રૂબરૂ મુલાકાત લેવી જો તે શક્ય ન હોય ત્યારે પત્ર દ્વારા પણ જે તે વ્યક્તિને અભિનંદન પાઠવવા - બાળકોને અપ્રમાણિક વ્યક્તિઓથી દૂર રાખવા - ટીવીના કોઈ કાર્યક્રમ કે સમાચારપત્રમાં આવેલ ઘટના પર ઘરમાં ચર્ચા કરો - શાળા જ્યારે જ્યારે આમંત્રણ આપે ત્યારે શાળામાં અચૂક જવું જોઈએ - શિક્ષક બાળક અંગે કોઈ ચર્ચા કરવા બોલાવે તો અવશ્ય જવું - શિક્ષકે મૌખિક કે લેખિત કોઈ સૂચન કરેલ હોય કે માહિતી આપી હોય તો તેના પર વિચારણા કરવી અને અમલ કરવો - ઉપરાંત કેટલીક વાર્તાઓ કે મહાન વ્યક્તિના ઉદાહરણો વારંવાર સંભળાવો જેમકે, વિનોદી નીલકંઠની વાર્તા "બે રૂપિયા" - ગાંધીજીના અનેક ઉદાહરણો - ઈન્દ્ર અને શિબિ રાજાની પૌરાણિક વાર્તા - રાજા હરિચંદ્રનું ઉદાહરણ - ગોપાલકૃષ્ણ ગોખલેનો બધા દાખલા સાચા ગણવા બદલ સન્માન વખતે એક દાખલો બાજુવાળામાંથી જોઈને ગણેલો તેની કબૂલાત - રવિશંકર મહારાજ - જેલમાં રસોઈઆ હતા, છતાં ઘણીવાર પોતે ભૂખ્યા રહીને અન્યને જમાડતા - મહાભારત, રામાયણ, કુરાન, બાઈબલ વગેરે ધાર્મિક પુસ્તકોમાંથી અનેક ઉદાહરણો મળે - તમને થયેલ અનુભવો-પ્રાણીની વાર્તાઓ વગેરે.

હવે પ્રશ્ન થાય કે, તમે ઉપરોક્ત જેવા અનેક વર્તન કર્યા છે તો તમારું બાળક પ્રામાણિક છે કે નહીં તે કેવી રીતે જાણી શકાય. આ જાણવાના અનેક રસ્તા છે, જેમકે, - માતા-પિતા અને વડિલોની આજ્ઞાનું પાલન કરે - ઘરમાં પોતાનું કામ જાતે કરે - ઘરના સભ્યો માટે મદદની ભાવના રાખે - ઘરના સભ્યો સાથે અવારનવાર ચર્ચા કરે, કોઈ બાબત જાણે, સમજે - પડોશી પ્રત્યે સદ્ભાવના રાખે - પડોશીને માન આપે - ઘરના સભ્યોની સાથે રહીને કામ કરે - ચર્ચા કરે - ઘરમાં સ્વચ્છતા રાખે અને રખાવે - ઘરના કે પડોશીના સભ્યોની સારી બાબતોમાંથી પ્રેરણા મેળવે અને તે મુજબ વર્તન કરે - પોતાના આચરણ થકી નાના-ભાઈ બહેનોને પ્રેરણા પૂરી પાડે.

(અનુસંધાન પાના નં. ૭ પર)